જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૫/૨૦૧૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૯૪૨/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૭ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇગ્લીશ દારૂ, ૭૨ બિયરટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૫૨૧૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૪૩/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

બળાત્કારની ફરીયાદ :- સમાચાર યાદી નં.૯૪૪/૧૫

નરોડા : નરોડા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીના પિતાએ તા.૯/૫/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી મેહુલ મહેન્દ્રભાઇ શ્રીમાળી (રહે.પરીશ્રમનગર, કૃષ્ણનગર, નરોડા) એ જુન/૨૦૧૪ માં તરૂણીની એકલતાનો લાભ લઇ, તરૂણીનાં ઘરે જઇ ચપ્પુ બતાવી, તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો. તેમજ તા.૨૬/૩/૧૫ થી તા.૨/૪/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન કોઇપણ સમયે આરોપી મેહુલે તરૂણીના ઘરમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૦,૪૦,૦૦૦/- ની ચોરી કરી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

માધવપુરા : માધવપુરા વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની તરૂણીના પિતાએ તા.૯/૫/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૫/૧૫ બપોરનાં ૧/૦૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીક રહેતો આરોપી પરષોત્તમભાઇ દિપાભાઇ બોડાણાએ તરૂણીને સરદાર પટેલ સ્ટેડીયમ સામે આવેલ આકાશ હોટલમાં લઇ જઇ, તરૂણીની મરજી વિરૂધ્ધ, તેની સાથે શરીર સબંધ બાંધ્યો હતો. આ અગાઉ તા.૨૨/૧૨/૧૪ તથા તે પહેલાં કોઇપણ સમયે બે-ત્રણ વખત આરોપીએ તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો.આ ગુનાની તપાસ પો.ઈશ્રી એમ.બી.ખીલેરી ચલાવે છે

અપહરણઃ- સમાચાર યાદી નં.૯૪૫/૧૫

વસ્ત્રાપુર : પ્રદિપરાવ દલબહાદુર રાવત (રહે,ધરણીધર એપાર્ટમેન્ટની ઓરડીમાં, નહેરૂપાર્ક, વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૫/૧૫ સવારનાં ૭/30 થી ૧૧/00 વાગ્યા દરમ્યાન ઘર નજીકથી આરોપી હમલ (જેનાં પુરા નામની ખબર નથી) પોતાની પુત્રી કલ્પના (ઉ.વ.૧૩) ને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી અપહરણ કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.બી.ઝાલા ચલાવે છે.

ગોમતીપુર : અલાઉદ્દીન બન્નેભાઇ અંસારી (રહે, ઉમરગની ફરફવાલાની ચાલી, અલઅમીન હોસ્પિટલની બાજુમાં, ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૫/૧૫ બપોરનાં ૨/30 વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી કોઇ અજાણી વ્યક્તિ પોતાના પુત્ર મોઇનુદ્દીન (ઉ.વ.૧૪)ને અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.ડી.ડાંગરવાલા ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૯૪૬/૧૫

વેજલપુર : પ્રભાબહેન નરેશભાઇ સુરજભાણ (રહે, નિર્લય ફ્લેટ, દામુભાઇ કોલોની, અંજલી ચાર રસ્તા, વાસણા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૫/૧૫ સાંજના ૭/00 વાગ્યાના સુમારે વાસણા, મમયા ફ્લેટની નજીકથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૨૮ વર્ષના આશરાનાં) પ્રભાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,000/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૪૭/૧૫

સોલા હાઇકોર્ટ : પ્રશાંતભાઇ વસંતભાઇ પીલોજપરા (રહે,આશ્રય પ્લેટીના, સ્વામીનારાયણ મંદિરની પાસે, ન્યુ રાણીપ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૫/૧૫ બપોરના ૧/30 થી સાંજનાં ૭/00 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમની તીજોરીમાંથી સોનાના દાગીના તથા ફાસ્ટટ્રેક ઘડીયાળ મળી કુલ રૂપિયા ૭૬,૨00/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

કારંજ : જાકિરહુસેન ઇબ્રાહીમભાઇ શેખ (રહે,મન્સુરી મસ્જીદની બાજુમાં, ઢાલગરવાડ, કારંજ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૫/૧૫ રાતના ૯/00 થી તા.૯/૫/૧૫ સવારનાં ૮/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૬0,000/- મળી કુલ રૂપિયા ૩,૧0,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.પાંડર ચલાવે છે.

આનંદનગર : હિતેનભાઇ ખુશાલભાઇ દેસાઇ (રહે,રિધ્ધી ટાવર, જોધપુર, સેટેલાઇટ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૫/૧૫ બપોરના ૧/00 થી ૪/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાની સ્ટોપર તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, ચાંદીની બંગડી, મોતીનાં સેટ, જુદી-જુદી બ્રાન્ડની ઘડીયાળો તથા રોકડ રૂપિયા ૪0,000/- મળી કુલ રૂપિયા ૧,૧૨,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

વાહનચોરી :- સમાચાર યાદી નં.૯૪૮/૧૫

કાગડાપીઠ : દિનેશભાઇ મોતીભાઇ નાયક (રહે : છીપા કબ્રસ્તાન સામે, ગીતા સ્ટુડીયો પાછળ, ગીતામંદિર રોડ) એ તા.૧/૫/૧૫ સવારનાં ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.ડી.ટી.૧૬૫૪ કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૪૫ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ દિનેશભાઇ નાયકે તા.૯/૫/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયેન્દ્રસિંહ રૂપસિંહ ચલાવે છે.

વટવા : સુભાષભાઇ ગોરધનભાઇ ગાંધી (રહે : સંદિપની સોસાયટી, સમ્રાટનગર, મુક્તજીવન સ્કુલની સામે, ઇસનપુર, વટવા) એ તા.૧/૫/૧૫ સવારનાં ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની વેગનઆર કાર નંબર જીજે.૦૧.એચ.ક્યુ.૪૯૨૬ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧/૫/૧૫ બપોરનાં ૧/૧૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ સુભાષભાઇ ગાંધીએ તા.૯/૫/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

વસ્ત્રાપુર : અમીતભાઇ હરેશભાઇ પંડિત (રહે : શિબ આશિષ, પ્રહલાદ પ્લોટ પાસે, રાજકોટ) એ તા.૭/૫/૧૫ બપોરનાં ૧૨/૪૫ વાગ્યાના સુમારે હિમાલયા મોલ પાસે, સંગઠન સોસાયટીનાં ગેટ બહાર પોતાની મારૂતી સ્વીફ્ટ કાર નંબર જીજે.૦૧.સી.આર.૫૮૯૯ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બપોરનાં ૩/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ અમીતભાઇ પંડિતે તા.૯/૫/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યા : સમાચાર યાદી નં.૯૪૯/૧૫

ગુજરાત યુનિવર્સીટી : કનુબહેન નટવરભાઇ ભાટી(ઉ.વ.૩૧)(રહે.દેવામુખીનો વાસ, ગુલબાઇ ટેકરા, નવરંગપુરા) એ તા.૮/૫/૧૫ બપોરનાં ૧/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે બીમારીથી કંટાળી જઇ પોતાની જાતે સળગી જતાં, સારવાર માટે તેમને વા.સા. હોસ્પિટલમાં દાખલ કરેલ હતાં. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૫/૧૫ ના કલાક ૪/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

શહેરકોટડા : સુનીલકુમાર પ્રવિણભાઇ પટણી (ઉ.વ.૧૮)(રહે.જજસાહેબની ચાલી, પોટલીયા ચાર રસ્તા, સરસપુર) એ તા.૩૦/૪/૧૫ નાં કલાક ૪/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે કોઇ કારણસર ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરવાની કોશીશ કરી હતી. જેમને સારવાર માટે શારદાબહેન હોસ્પિટલમાં દાખલ કરેલ હતાં. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૫/૧૫ રાતના ૯/૫૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.